ગાંધીનગર સમાચાર








શ્રદ્ધાંજલિ સમારોહ - વિશ્વ વંદનીય પૂજ્ય પ્રમુખસ્વામીને ભાવાંજલિ આપવા ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલ શ્રદ્ધાંજલિ સમારોહમાં ભાવિકોએ અને મહાનુભાવોએ પૂજ્ય બાપાને સ્મૃતિઓ વાગોળી અંજલિ આપી હતી... રાજ્યપાલ અને પૂજ્ય મહંત સ્વામી સહિત મંચસ્થ મહાનુભાવોએ પૂજ્ય પ્રમુખસ્વામીને પુષ્પાંજલિ અને શબ્દાજંલિ આપી હતી.... ભાવિકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા....

# જગદીશ ઠાકોરના રાજીનામાના પડઘા જિલ્લા રાજકારણમાં પડવાની સંભાવના

## પ્રદેશ નેતાઓએ જિલ્લાના આગેવાનોને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા કહ્યું

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના કોંગ્રેસ અગ્રણી અને પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરે કોંગ્રેસ પક્ષના હોદ્દાઓ પરથી પ્રદેશ પ્રમુખની જોહુકમી સામે રાજીનામુ ધરી દેતાં જિલ્લા કોંગ્રેસમાં પણ તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.



જિલ્લા કોંગ્રેસ સમિતિના નેતાઓએ આજે રાજીનામાને પગલે જ બેઠકોનો દોર કાર્યકરો સાથે શરૂ કર્યો છે જેથી તેના પડઘા જિલ્લા પંચાયત કે અન્ય સ્થાનો પર પડે નહિ.

જો કે જિલ્લા કોંગ્રેસના સંખ્યાબંધ કાર્યકરો તેમના હોદ્દા પરથી સામુહિક રાજીનામા આપી દેવાની વિચારણામાં હોવાનું જાણવા મળેલ છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પણ ડેમેજ કંટ્રોલની ટીમ બનાવી અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે જિલ્લાના આગેવાનોને સૂચના આપી દેવામાં આવી છે.

જગદીશ ઠાકોર જિલ્લાની દહેગામ બેઠકનું વિધાનસભામાં બે વખત પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે એટલુ જ નહિ તેમની જિલ્લાના રાજકારણ પર અને ઠાકોર સમાજ પર સારી એવી પક્કડ પણ છે.


કોંગ્રેસમાંથી ૧૦૦થી વધુ હોદ્દેદારો સામુહિક રાજીનામા ધરી દેશે તેવી વહેતી થયેલી વાતોને પગલે પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા પણ આજે સાંજે પંચાયત દોડી આવ્યા હતા.

ચાવડાએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે તેઓ સતત કાર્યકરોના સંપર્કમાં છે. આ બાબત એ ચા ના કપમાં આવેલો ઉભરો હોય તેવી છે. પરિસ્થિતિ ઝડપથી થાળે પડી જશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. હાલ કોંગ્રેસની સ્થિતિ પ્રવાહી બની જવા પામી છે. આજે કોંગ્રેસી આગેવાનોની ચહલ પહલ પંચાયતમાં પણ વધુ જોવા મળી હતી.

# બાપાએ સૌના મન સાચવ્યા છે : પૂજ્ય મહંતસ્વામી


ગાંધીનગર તા ૬

વિશ્વવંદનીય પ્રમુખ સ્વામી મહારાજને ભાવવંદના કરવા આજે



ગાંધીનગરના નાગરિકો દ્વારા મહાત્મા મંદિર ખાતે શ્રધ્ધાંજલિ સમારોહ યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે મહંત સ્વામીએ જણાંવ્યુ હતુ કે બધાના અંતરની ભાવના ઉભરાય છે. બાપાએ લાખોના મન સાચવ્યા છે. શરીર કરતા મન સાચવવાનુ કામ કપરુ છે. પ્રમુખ સ્વામીમાં મુખ્ય અને ગૌણનો ભાવ ક્યારેય આવ્યો નથી. સર્વેના આર્શીવાદથી આ કામ વધુ આગળ ધપાવીશુ તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.રાજયપાલ ઓ પી કોહલીએ જણાંવ્યુ હતુ કે તેઓ ક્યારેય પ્રમુખ સ્વામીને મળ્યા નથી.પરંતુ અક વાર પત્ર વ્યવ્હારથી તેમની સાથે વાત થઈ છે. સંત પરમાર્થી હોય છે. બીજાને સુખ આપી સુખ અનુભવાય તેવુ દિવ્ય વ્યકિતત્વ આજે આપણી વચ્ચે નથી. વ્યસનમુકિત ,શિક્ષણ સેવા અને ચારિત્ર્યવાન સમાજના નિર્માંમ માટે જીવન તેમણે સમર્પિત કરી દિધુ.ભારતીય સંસ્કૃતિને વિશ્વમાં ફેલાવાનુ કામ પણ તેમણે કર્યુ. જયારે આધ્યાત્મિકતાને વ્યવ્હારિક બનાવી સેવા કરવાનુ અપનાવ્યુ જયારે સેવાકાર્ય સંવેદનાથી જ થાય તેમનુ દિવ્ય સ્વરૂપ સદા પથદર્શક બનશે.બ્રહ્મવિહારી સ્વામીએ જણાંવ્યુ હતુ કે પ્રમુખ સ્વામી ધર્મ, વ્યકિત, સઘળી બાબતોથી પર હતા.સાચા દિલની પ્રાર્થના તેમને પહોંચે છે.સંત બોલવાનુ બંધ કરે અને લાખો ભાવિકો ભેગા થાય તેવુ પ્રથમવાર બન્યુ છે.સ્વામી વિવેકસાગરે જણાંવ્યુ હતુ કે આજે વિજ્ઞાનનો વિકાસ થયો છે. પરંતુ કર્યો. વિશ્વના મહાનુભાવોનો પ્રેમ મેળવ્યો અને સતગુણોનો મહાસાગર અહ્મશુન્ય રહયા હતા. મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાંવ્યુ હતુ આ બધી બાબતો ભાવનાત્મક છે. વ્યકિતમાં છુપાયેલી સારપ સદગુણો બહાર કાઢવાનુ ઉમદા કામ તેમણે કર્યુ છે. આજે માણસ પાસે સમૃધ્ધિ



માણસ જાતનો નાશ થતો જાય છે. યુગો બદલાય પરંતુ માણસની રાક્ષસી ભાવના બદલવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. ત્યારે દરેક યુગમાં એક વિભુતિ જાઈએ. પ્રમુખ સ્વામીએ ધુપસળીની માફક પોતાનુ જીવન પરના ઉપકાર માટે સમર્પિત કરી દિધુ. ૧૭ હજાર ગામડા અને ૫૦ દેશોમાં વિહાર કે પ્રમુખ સ્વામીએ ધર્મ સંસ્કૃતિ જાળવવાની સાથે આધુનિકતાનો ઉમેરો કર્યો હતો.નર્મદાનુ કામ સવેળાએ પુર્ણ થાય તે માટે ખાસ ધુન કરાવાનો નિત્ય ક્રમ ગોઠવ્યો હતો. પુર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે જણાંવ્યુ હતુ કે પ્રમુખ સ્વામીની મુલવણી શબ્દોથી થાય તેમ નથી. હોવાછતા ખાલીપો અનુભવાય છે. જે જ્ઞાન અને ભકિતથી જ પુરાય છે.પુર્વ મંત્રી વાડીભાઈ પટેલે પણ પ્રમુખ સ્વામી સુક્ષ્મ દેહ સ્વરૂપે આજે પણ હાજર હોવાનુ જણાંવી વ્યકિત પદથી નહીં પરંતુ આચરણથી મહાન બને છે. તેમ ઉમેરી પ્રમુખ સ્વામીના

● અનુસંધાન પાન-૭ પર

# વાસણ ગામે સ્ક્રબ ટાયફસના શંકાસ્પદ બે દર્દીના મોત

## સંધિપાત સમુદાયના કીટક કરડવાથી આ રોગ થતો હોય છે : આ કીટકો ઊંચા ઘાસમાં જોવા મળે છે : વાસણ ગામે ખાસ ઓપીડી અને સર્વેલન્સ શરૂ કરાયુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના વાસણ ગામે સ્ક્રબ ટાઈપરસ નામનો રોગ દેખાતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે. આ રોગને લઈ બે દર્દીના મોત પણ નીપજ્યા છે. તંત્રએ તાત્કાલિક ગામમાં એક સપ્તાહ સુધી ઓપીડીની સેવાનો આરંભ પણ કરી દીધો છે.

મળતી વિગતો પ્રમાણે પ્રા.આ. કેન્દ્ર રૂપાલના વાસણ ગામે આવેલ ગણેશપરામાં તાવનો શંકાસ્પદ કેસ નામે દિલીપસિંહ ચંદુજી વાઘેલા ઉં.વ. ૫૦ મળેલ છે. તે તારીખ ૨૨ ઓગષ્ટના રોજ શરદી તાવ ખાંસીની ફરિયાદ સાથે ગાંધીનગરમાં ખાનગી તબીબની સારવાર માટે ગયા હતા. આ પછી વધુ દુઃખાવો થતાં તેઓ રાંધેજા ટ્રસ્ટની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા.

આ પછી તેમણે વધુ એક ખાનગી તબીબની સારવાર લીધી હતી. પરંતુ ત્યાં તેમની તબિયત વધુ લથડતાં ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા. જ્યાં સારવાર દરમ્યાન ૩૦મી ઓગષ્ટના રોજ મૃત્યુ પામ્યા હતા.

તેમના પત્ની રેખાબેન ચૌહાણ પણ ૧લી ઓગષ્ટથી તાવ, શરદી ખાંસી અને શરીરના દુઃખાવાની સારવાર માટે ઉનાવા ખાતે ખાનગી દવાખાનામાં દવા લેવા ગયેલ. ત્યાંથી સારૂ ન થતાં રાંધેજા ટ્રસ્ટની હોસ્પિટલ, ગાંધીનગના બે ખાનગી તબીબોને ત્યાં પણ સારવાર લીધેલ. અહિ પણ સારૂ ના થતાં તેમને ગાંધીનગર અમદાવાદ માર્ગ પરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

જ્યાં તેમના શરીર પર લાલ ચકામા અને ન્યુમોનિયાની અસર જણાઈ હતી. જ્યાં વધુ પરીક્ષણ કરાવતાં ૫-૯-૨૦૧૬ના રોજ સ્ક્રબ ટાયફસનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. જો કે ત્યાં તેમનું સારવાર દરમ્યાન અવસાન થયુ હતુ.

આમ એક જ સપ્તાહમાં બે દર્દીઓના મોત નીપજ્યા હતા. આ દર્દીઓના મૃત્યુ થતાં તંત્ર હરકતમાં આવ્યુ છે અને હવે ત્યાં વાસણ ગામે ઓપીડી શરૂ કરવાનો તેમજ સર્વેલન્સનો નિર્ણય લીધેલ છે.

જિલ્લા તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આ બન્ને દર્દીના કેસ પેપર જોતાં દર્દીને સારવાર આપનાર તબીબો સાથે વાતચીત કરતાં એપેડેમીયોલોજીકલી તમામ ફેક્ટરને લીંક કરતાં તારણ મળે છે કે આ બે દર્દીને શંકાસ્પદ સ્ક્રબ ટાયફલ અથવા સેકન્ડરી ડેન્ગ્યુ સન્ફેક્શનને કારણે ઓટો ઈમ્યુનીટી ડીલીઝથી મલ્ટી ઓર્ગન ડ્રેઈલર થવાથી મૃત્યુ થયુ હોય તેમ લાગે છે.

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



મારા ધર્મપત્ની **અ.સૌ. મધુબેન કાન્તિલાલ ચૌહાણ** તા. ૧/૯/૨૦૧૬, ગુરૂવારના રોજ અક્ષર નિવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૮/૯/૨૦૧૬, ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી ઝુલેલાલ મંદિર હોલ, સિંધુભવન, સેક્ટર-૨૧-૩૦ બસ સ્ટોપ પાછળ, સેક્ટર-૩૦, ગાંધીનગર**

**ચૌહાણ કાન્તિલાલ છગનલાલ (રૂપાલવાળા)**
: નિવૃત્ત ઉપસચિવ, સિવિલ સપ્લાય :
ચૌહાણ મહેન્દ્ર કાન્તિલાલ (પુત્ર)
(નિવૃત્ત જુ.ઓ. GSCC અને સમાજ કલ્યાણ નિરીક્ષક, મંત્રી : દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટ)
ચૌહાણ દિનેશ કાન્તિલાલ (પુત્ર) Dy. So માર્ગ અને મકાન વિભાગ
ચૌહાણ શરદ કાન્તિલાલ (પુત્ર) યુવા ટેલર્સ, સે.૨૧
ચૌહાણ હિરેન કાન્તિલાલ (પુત્ર) ન્યૂયોર્ક-USA
ચૌહાણ દિલીપ કાન્તિલાલ (પુત્ર) ન્યૂયોર્ક-USA
નિવાસસ્થાન : MKC યોગીસ્મૃતિ ૭૨૩-૧, પંચશીલ પાર્ક, મહારાષ્ટ્ર ભવન પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર
મો. ૯૨૭૦૫૮૯૪૫, ૯૪૨૭૩૮૦૮૧૨, ૯૩૨૭૦૮૮૬૭૨

## જાહેર નિવિદા

આથી રસ ધરાવતા વેપારી ભાઈઓને જણાવવાનું કે સદાના મુવાડા પ્રા. શાળા તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠામાં સિન્ટેક્ષના ૨ (બે) ઓરડાની અપસેટ પ્રાઈઝ રૂ. ૩૯૬૦૦/-ના કાટમાળની હરાજી તા. ૯/૯/૨૦૧૬ને શુક્રવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે સદાના મુવાડા પ્રા. શાળામાં રાખેલ છે. તો શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. બોલી મંજુર/નામંજુર કરવાનો અધિકાર આચાર્યશ્રી સદાના મુવાડા પ્રા. શાળાનો રહેશે. તકરાર કે વિવાદ ચાલશે નહિ.

**મુખ્ય શિક્ષક**
**સદાના મુવાડા પ્રા. શાળા,**
**તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા**

# પ્રદેશ કોંગ્રેસના ૭ નેતાઓને "નવસર્જન-૧૭" માટેની જવાબદારી સોંપાઈ

## શંકરસિંહ વાઘેલાને ઉત્તર ગુજરાત, ભરત સોલંકીને મધ્ય ગુજરાત, મહેસાણા-અમદાવાદ પરેશ ધાનાણીને, વડોદરા સિદ્ધાર્થ પટેલને, સૌરાષ્ટ્ર અર્જુન મોઢવાડિયા, સૌરાષ્ટ્ર-કચ્છ શક્તિસિંહને તો દ. ગુજરાત ડૉ. તુષાર ચૌધરીને સોંપવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત વિધાનસભાની આગામી વર્ષે યોજાનાર ચૂંટણી સંદર્ભે ગુજરાતને કોંગ્રેસે સાત વિભાગમાં વિભાજીત કરી અને સાત નેતાઓને વિવિધ વિસ્તારની જવાબદારી સોંપી દીધી છે.

આ નેતાઓ આ વિસ્તારમાં સક્રિય પ્રવાસ કરશે એટલુ જ નહિ પ્રજાજનોમાં કોંગ્રેસને મજબુત બનાવવાની સાથે સંગઠ્ઠનને પણ મજબુત બનાવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જે નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે તેમાં ઉત્તર ગુજરાતની ૨૫ બેઠકોની જવાબદારી વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાને, અમદાવાદ શહેર અને મહેસાણાની બેઠકોની જવાબદારી ધારાસભ્ય પરેશ ધાનાણીને, દ. ગુજરાતની બેઠકોની ૨૬ બેઠકોની જવાબદારી ડૉ. તુષાર ચૌધરી, સુરત અને મધ્ય ગુજરાતની ૨૮ બેઠકોની જવાબદારી સિદ્ધાર્થ પટેલ, કચ્છ-સૌરાષ્ટ્રની ૨૭ બેઠકોની જવાબદારી શક્તિસિંહ ગોહિલ, મધ્ય ગુજરાતની ૨૬ બેઠકોની જવાબદારી પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીને, સૌરાષ્ટ્રની ૨૭ બેઠકોની જવાબદારી અર્જુનભાઈ મોઢવાડિયાને સોંપવામાં આવી છે.

જિલ્લા પ્રમાણે જોઈએ તો અમદાવાદ ગ્રામ્ય, આણંદ, ખેડા, મહિસાગર અને પંચમહાલ ભરતસિંહ સોલંકી સંભાળશે. બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ અને ગાંધીનગરની જવાબદારી વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદની જવાબદારી અર્જુનભાઈ મોઢવાડિયા, વડોદરા, વડોદરા શહેર, દાહોદ, છોટાઉદેપુર, ભરૂચ, સુરત શહેર (પાટ) સિદ્ધાર્થ પટેલ, કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર અને રાજકોટની જવાબદારી શક્તિસિંહ ગોહિલ, નર્મદા, સુરત, સુરત શહેર (પાટ) વલસાડ, ડાંગ, તાપી અને નવસારી ડૉ. તુષારભાઈ ચૌધરી તેમજ અમદાવાદ ગ્રામ્ય અને મહેસાણા પરેશ ધાનાણી જવાબદારી સંભાળશે.

આ નેતાઓએ હવે નિયમિત રીતે આ જિલ્લાઓની મુલાકાત લઈ નવસર્જન-૨૦૧૭ની તૈયારીમાં લાગી જશે તેમ પ્રદેશના સૂત્રોનું કહેવું છે.


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com